# તેલંગાણામાં 2.90 કરોડની કરન્સી નોટોથી ગણેશજીનો શણગાર





**તેલંગાણાના** બે સ્થળોએ બપ્પાની પ્રતિમા પર નોટોની વર્ષા; અસંખ્ય ચલણી નોટોથી સજાવેલા મંડપનો વીડિયો ઇન્ટરનેટ પર ધૂમ મચાવી રહ્યો છે

હૈદરાબાદ, તા. 19

ભગવાન ગણેશની સજાવટ સાથે જોડાયેલા ઘણા વીડિયો તમે જોઈ લીધા હશે. ગણેશ પંડાલોમાં મૂર્તિઓની ખાસ સજાવટ પર ખૂબ ધ્યાન પણ આપવામાં આવી રહ્યું છે. પરંતુ તેલંગાણામાં આના પર કંઈક વધુ જ ધ્યાન આપવામાં આવ્યું છે. અહીં મૂર્તિઓની સજાવટ માત્ર નોટોથી જ કરી દેવામાં આવી છે. આ સજાવટને લઈને ઈન્ટરનેટ પર ચર્ચા પણ વધી ગઈ છે. આ વીડિયો હવે વાયરલ થઈ રહ્યો છે.

અહીં બે મૂર્તિઓને નોટોથી સજાવવામાં આવી છે. અને સજાવટમાં ૨.૯૦ કરોડની નોટોનો ઉપયોગ થયો છે. આટલી બધી નોટો મળવી મુશ્કેલ હોય છે, પરંતુ દાવો કરવામાં આવી રહ્યો છે કે બેંકો, વેપારીઓના યોગદાન અને ભક્તો દ્વારા મળેલી નોટોથી આ સજાવટ થઈ છે. આવો નજારો તેલંગાણાના પલવંચામાં જોઈ શકાય છે.

રૂપિયાવાળી આ સજાવટ તેલંગાણાની બે જગ્યાઓ પર થઈ છે. એક કાપુ કમ્યુનિટીએ કરી છે. તેમણે ૧.૪ કરોડની નોટોથી આને સજાવ્યું છે. જ્યારે પલવંચામાં ૧.૫ કરોડની નોટોથી બપ્પાની મૂર્તિને સજાવવામાં આવી છે. આ સજાવટ યુઝર ઓર્ગેનાઈઝેશન 'એકદંત' દ્વારા કરવામાં આવી છે. વીડિયોમાં ગણેશ પ્રતિમા પર અસંખ્ય નોટો જોઈને પહેલીવારમાં વિશ્વાસ જ નથી થતો કે આ નોટો જ છે. પછી સમજાય છે કે છે તો આ નોટો જ, પરંતુ તમે આટલી બધી નોટો એકસાથે ક્યારેય જોઈ નહીં હોય.

# વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પે 3 જાણીતા ન્યૂઝ ગૃહોના પત્રકારોની એન્ટ્રી પર રોક લગાવી

**ત્રણ** મીડિયા ગૃહો CNN, MS NOW અને પોલિટિકોને ટ્રમ્પે વ્હાઇટ હાઉસમાં પ્રતિબંધિત કર્યા

**આ** મીડિયા ગૃહોના પત્રકારો અમેરિકી પ્રમુખના આવાસે પત્રકાર પરિષદ વગેરેમાં ભાગ લઇ શકશે નહીં

**આ** સમાચાર સંસ્થાઓ ફેક ન્યૂઝ ફેલાવતી હોવાનો પ્રમુખ ટ્રમ્પનો આક્ષેપ

**વ્હાઇટ** હાઉસ પર ગયેલા MS NOWના પત્રકારોના એન્ટ્રી બેજ જપ્ત કરી લેવાયા

### મીડિયા સંસ્થાઓ સાથે ટ્રમ્પનો સંઘર્ષ જૂનો છે

**ન્યૂયોર્ક** ટાઇમ્સ અને 'વોલ સ્ટ્રીટ જર્નલ' પર માનહાનિના કેસ કર્યા છે (પેટા)

**APએ** ટ્રમ્પ પર કેસ કર્યો છે, જે હજી ચાલી રહ્યો છે

વર્ષ 2016થી જ ટ્રમ્પ CNNના સમાચારોને સતત 'ફેક ન્યૂઝ' કહેતા રહ્યા છે અને તેમના કાર્યકાળમાં પહેલાં પણ આ ચેનલના પત્રકારોના વ્હાઇટ હાઉસ પાસ રોકવામાં આવી ચૂક્યા છે. આ સિવાય તેમણે 'ન્યૂયોર્ક ટાઇમ્સ' અને 'વોલ સ્ટ્રીટ જર્નલ' જેવાં મોટાં અને પ્રતિષ્ઠિત અખબારો પર પણ પોતાની વિરુદ્ધ પક્ષપાત કરવાનો આરોપ લગાવ્યો અને તેમના પર માનહાનિના કેસ પણ દાખલ કર્યા. આ પહેલાં ટ્રમ્પે ફેબ્રુઆરી 2025માં આંતરરાષ્ટ્રીય સમાચાર સંસ્થા એસોસિએટેડ પ્રેસ(AP)ના પત્રકારો પર પણ આવી જ રોક લગાવી હતી. ત્યારે ટ્રમ્પે APના પત્રકારોને ઓવલ ઓફિસ, પોતાના વિમાન એરફોર્સ વન અને અન્ય કાર્યક્રમોમાં જવા પર રોક લગાવી દીધી હતી. આ કાર્યવાહી AP દ્વારા ગલ્ફ ઓફ મેક્સિકોનું નામ બદલવાના તેમના નિર્ણયનું સમર્થન ન કરવા બદલ કરવામાં આવી હતી. APએ આ મામલે કેસ દાખલ કર્યો હતો. આ મામલો હજુ પણ ચાલી રહ્યો છે.

વૉશિંગ્ટન, ન્યૂયોર્ક, તા. ૧૯: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ત્રણ અમેરિકી મીડિયા ગૃહો CNN, MS NOW અને પોલિટિકોને વ્હાઇટ હાઉસમાં પ્રતિબંધિત કરવાની જાહેરાત કરી છે. ટ્રમ્પે કહ્યું કે આ સંસ્થાઓ સતત ફેક ન્યૂઝ ફેલાવી રહી છે. તેમણે ચેતવણી આપી કે ભવિષ્યમાં અન્ય મીડિયા સંસ્થાઓ સામે પણ આવી કાર્યવાહી થઈ શકે છે.

જે સમયે ટ્રમ્પ આ પ્રતિબંધની જાહેરાત કરી રહ્યા હતા, તે સમયે CNN, MS NOW અને પોલિટિકોના પત્રકારો વ્હાઇટ હાઉસ પ્રેસ વિસ્તારમાં હાજર હતા અને પોતાનું રિપોર્ટિંગ કરી રહ્યા હતા. પત્રકારોના સવાલનો જવાબ આપતાં ટ્રમ્પે કહ્યું કે ફેક ન્યૂઝ ફેલાવવા બદલ CNN, MS NOW અને પોલિટિકોને બેન કરવામાં આવ્યા છે. આ ત્રણેય સંસ્થાઓ ટ્રમ્પના નિર્ણયો પર સવાલો ઉઠાવતી રહી છે. CNN- 24 કલાક ચાલતી ટીવી ન્યૂઝ ચેનલ અને ડિજિટલ વેબસાઇટ છે. અમેરિકી રાજકારણના મોટા સમાચાર અને ફેક્ટ-ચેકિંગ કરે છે. ટ્રમ્પના નિવેદનો અને નીતિઓ પર સતત તીખા સવાલો ઉઠાવતી રહી છે. MS NOW એ કેબલ ટીવી ન્યૂઝ ચેનલ અને ડિજિટલ મીડિયા છે. લેફ્ટ-ઓફ-સેન્ટર રાજકીય ડિબેટ્સ અને ઓપિનિયન શોઝ પર ફોકસ કરે છે. ટ્રમ્પ પ્રશાસન અને તેમની નીતિઓનું સૌથી મુખર આલોચક ચેનલ માનવામાં આવે છે. પોલિટિકો એ મોટી ડિજિટલ ન્યૂઝ વેબસાઇટ અને રાજકીય અખબાર છે. વ્હાઇટ હાઉસ અને અમેરિકી સંસદના અંદરના સમાચારો અને નીતિઓનું રિપોર્ટિંગ કરે છે. ટ્રમ્પ પ્રશાસનના અંદરના નિર્ણયો, વિવાદો અને રણનીતિઓનું બારીક વિશ્લેષણ કરતું રહ્યું છે. આ બાન પછી એમએસ નાવની એક મહિલા પત્રકાર શનિવારે વ્હાઇટ હાઉસ ગઇ ત્યારે તેનો એન્ટ્રી બેજ કબજે કરી લેવાયો હતો અને તેને વ્હાઇટ હાઉસમાં પ્રવેશવા દેવાઇ ન હતી. તેના એક પ્રોડ્યુસરને જો કે અંદર દાખલ થવામાં સફળતા મળી હતી જ્યારે એક ફોટોગ્રાફરનો પણ બેજ કબજે કરી લેવાયો હતો.

# અમિત શાહને ફૂડ પોઈઝનિંગ થયું હતું

**હવે** તેઓ બિલકુલ સ્વસ્થ છે: કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી

હુબલી/બેલગાવી, તા. ૧૯ (પીટીઆઈ): કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, જેઓ શનિવારે બે કાર્યક્રમોમાં હાજરી આપવા માટે કર્ણાટકના પ્રવાસે આવ્યા હતા, દરમિયાન તેમને ફૂડ પોઈઝનિંગ થયું હતું, પરંતુ હવે તેઓ બિલકુલ સ્વસ્થ છે. એમ વરિષ્ઠ ભાજપ નેતા અને કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું.

શાહ, જેઓ હુબલીના ગબ્બુર ખાતે કેએલઈ જગદગુરુ ગંગાધર મહાસ્વામિગલુ મૂરુસવિરમઠ મેડિકલ કોલેજની નવી શૈક્ષણિક ઈમારત અને ૧,૨૦૦ બેડની કેએલઈ હોસ્પિટલ અને મેડિકલ રિસર્ચ સેન્ટરનું ઉદ્ઘાટન કરવાના હતા, પરંતુ તેઓ આ કાર્યક્રમમાં સામેલ થઈ શક્યા ન હતા. જોકે, સ્થાનિક નેતાઓએ જણાવ્યું હતું કે દિલ્હી જવા માટે એરપોર્ટ તરફ જતાં પહેતાં તેમણે સાંજે કેમ્પસની મુલાકાત લીધી હતી.

બેલગાવી જિલ્લામાં શાહની મુલાકાત, જ્યાં તેઓ ચિક્કોડી તાલુકાના એક્સાંબા ખાતે શ્રી બીરેશ્વર કોઓપરેટિવ ક્રેડિટ સોસાયટીની નવી મુખ્યાલયની ઈમારતનું ઉદ્ઘાટન કરવાના હતા, તે રદ કરવામાં આવી હતી.

# દાયરા દમદાર કામગીરી પણ અંત અંસતોષકારક




ડિસેમ્બર 2019માં હૈદરાબાદમાં યુવતી સાથે બળાત્કાર અને હત્યા અને ત્યારબાદ આરોપીઓનું એન્કાઉન્ટર દેશભરમાં સમાચારોમાં રહ્યું હતું તેના પર આધારીત છે ફિલ્મ દાયરા. ફિલ્મમાં ડીસીપી રમન કુમાર (પૃથ્વીરાજ સુકુમારન) અને ડીસીપી અજૂની કોહલી (કરીના કપૂર ખાન)ના કામ કરવાની શૈલી સાવ અલગ છે. એક અધિકારી કાયદાના દાયરામાં રહીને કામ કરવામાં માને છે, જ્યારે બીજો પરિણામ મેળવવા કાયદો તોડવામાં પણ અચકાતો નથી. એક ડીસીપી બળાત્કાર-હત્યા કેસની તપાસ કરી ચાર ગુનેગારોની ધરપકડ કરે છે અને ટ્રાયલ શરૂ થાય તે પહેલાં જ આત્મરક્ષણમાં તેમને એન્કાઉન્ટરમાં મારી નાખે છે. બાદમાં, બીજા ડીસીપીના નેતૃત્વમાં રચાયેલી એસઆઈટી (SIT)આ કામગીરીની તપાસ કરે છે.

યશ કેસવાની, સીમા અગ્રવાલ અને મેઘના ગુલઝારે ખૂબ જ આકર્ષક વાર્તા અને પટકથા લખી છે. ફિલ્મનો પ્રથમ ભાગ પ્રેક્ષકોને શરૂઆતથી જ જકડી રાખે છે અને તેની ઝડપી ગતિ જોનારને મંત્રમુગ્ધ કરે છે. જોકે, ફિલ્મનો ક્લાઈમેક્સ દર્શકોને સંતોષ આપતો નથી. સામાન્ય પ્રેક્ષકો જે પ્રકારના વળાંક અને સંતોષકારક અંતની અપેક્ષા રાખતા હોય છે, તે અહીં મળતો નથી, જેના કારણે આ ફિલ્મ સામાન્ય દર્શકોને બદલે માત્ર ખાસ વર્ગના દર્શકોને પસંદ આવશે. ફિલ્મના સંવાદો ખૂબ જ સરસ લખાયા છે.

અભિનયની વાત કરીએ તો, પૃથ્વીરાજ સુકુમારને ડીસીપી રમન કુમારના રોલમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. કરીના કપૂર ખાને ડીસીપી અજૂની કોહલી તરીકે અત્યંત પરિપક્વ અને અદ્ભુત અભિનય આપ્યો છે.

જિતેન્દ્ર જોશી, ક્ષિતિ જોગ, પ્રગતિ મિશ્રા અને વિલનની ભૂમિકા ભજવનાર તમામ કલાકારોએ ઉત્કૃષ્ટ સાથ આપ્યો છે. મેઘના ગુલઝારનું નિર્દેશન ખૂબ જ સચોટ છે, પરંતુ અસંતોષકારક અંત ફિલ્મને નબળી પાડે છે. કેતન સોઢાનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક, સૌરભ ગોસ્વામીની સિનેમેટોગ્રાફી સરસ છે જ્યારે એડિટિંગ અત્યંત શાર્પ છે.

**મૂવી રિવ્યુ**
અમર સોલંકી દ્વારા

| ફિલ્મ |
|---|
| દાયરા (એ) |
| રેટીંગ |
| ★★☆☆☆ |
| એક લાઈનનો પ્રતિભાવ |
| કરીના અને પૃથ્વીરાજના શાનદાર અભિનય અને થ્રિલર પ્લોટ છતાં ફિલ્મ સામાન્ય પ્રેક્ષકો માટે સરેરાશ સાબિત થાય છે. |

**અભિનેતાઃ** પૃથ્વીરાજ સુકુમારન, કરીના કપૂર, પ્રગતિ મિશ્રા, જીતેન્દ્ર જોશી
**નિર્માતાઃ** જંગલી પિક્ચર્સ, પેન સ્ટુડિયો
**નિર્દેશકઃ** મેઘના ગુલઝાર

## સા રે ગ મ — અનિલ આનંદ

### કંગના રનૌત અને બાબા રામદેવ વચ્ચે શબ્દયુદ્ધ



અલગ-અલગ ક્ષેત્રના બે દિગ્ગજો, પરંતુ કદાચ એક જ રાજકીય વારસા સાથે જોડાયેલા દિગ્ગજો વચ્ચેનો ટકરાવ છે. આ બે અલગ-અલગ કળાઓના સાધકો વચ્ચેનો જંગ છે, જેઓ એક જ આરાધ્યની પૂજા કરે છે. રાજકીય રીતે એક જ બાજુએ હોવા છતાં, સંજોગોએ તેઓને એકબીજાની સામે લાવીને ઊભા કરી દીધા છે તે બાબત અલગ છે. એક અભિનેત્રી-સહ-સંસદસભ્ય અને યોગગુરુ-સહ-ઉદ્યોગપતિ વચ્ચેનો આ ટકરાવ સંપૂર્ણ મનોરંજનથી સભર છે. તેમાં કોમેડી તો નથી, પરંતુ તે ડ્રામા, શાબ્દિક દ્વંદ્વ અને વાક્પ્રહારોથી ભરપૂર છે. જી હા, આ મુકાબલો ફિલ્મ સ્ટાર અને ભાજપનાં લોકસભા સાંસદ કંગના રનૌત અને સ્વદેશીના સ્વ-ઘોષિત ચેમ્પિયન, ભગવાધારી યોગગુરુ અને આયુર્વેદ સાથે જોડાયેલા પતંજલિ ગ્રુપ ઓફ કંપનીઝના વડા રામદેવ વચ્ચે છે. જોકે, બંને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પ્રશંસક છે-એક ભાજપના સાંસદ છે અને બીજા ૨૦૧૪ની લોકસભા ચૂંટણીથી પરોક્ષ રીતે મોદીનું સમર્થન કરી રહ્યા છે. અચાનક તેઓ એકબીજાની સામે આવી ગયા છે. રનૌત અડીખમ રહીને મોદીનું સમર્થન કરી રહ્યાં છે અને વિરોધ કરી રહેલી નવી પેઢી (જેન ઝી) સહિત તેમના વિવેચકો પર પ્રહારો કરી રહ્યાં છે, જ્યારે બીજી તરફ રામદેવે આશ્ચર્યજનક રીતે હાલમાં સરકાર સામે પ્રહારો કરવાનું શરૂ કર્યું છે. રનૌતે 'જેન ઝી'ને 'ગટર જનરેશન' કહ્યા તેના વિરોધમાં રામદેવે સવાલ ઉઠાવ્યો: "તેમની લાયકાત શું છે? તેમનું બાળપણ અને યુવાની કેવાં હતાં?"

### મગરના કિસ્સાથી મોદીની નકલ કરવાનો પ્રયાસ

નેતાનું અનુકરણ કરો, જો જરૂર પડે તો કોઈ પણ તર્ક કે પરિણામોની ચિંતા કર્યા વગર આંધળું અનુકરણ કરો. ભાજપના નેતાઓ પોતાના સુપ્રીમ બોસ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સંદર્ભમાં આ જ સિદ્ધાંતને અનુસરી રહ્યા હોય તેમ લાગે છે. નેતાના પહેરવેશ, હાવભાવ કે ખાવા-પીવાની ટેવ અથવા બોલવાની શૈલીનું અનુકરણ કરવું ત્યાં સુધી તો બરાબર છે. પરંતુ પોતાની વફાદારી સાબિત કરવા માટે સર્વોચ્ચ નેતાના બાળપણની ટેવો કે કિસ્સાઓને પકડવા તે જોખમી સાબિત થઈ શકે છે. આમેય રાજકારણના માર્ગો વિચિત્ર હોય છે અને તે ક્યારેક નેતાઓને અનોખા અને મુશ્કેલ રસ્તાઓ પર ચાલવા મજબૂર કરે છે. ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ મગરોનો સામનો કરવાના મોદીના બાળપણના એક કિસ્સામાંથી પ્રેરણા લેવાનો પ્રયાસ કર્યો, પરંતુ શીર્ષ નેતા કે પાર્ટીના લોકો પાસેથી પ્રશંસા મેળવવાને બદલે તેઓ વિવાદમાં સપડાઈ ગયા. પૂરપીડિત લોકો સુધી પહોંચવા માટે મગરોના ખતરાનો સામનો કર્યો હોવાનો દાવો કર્યા બાદ તેઓ ટીકાઓનો સામનો કરી રહ્યા છે. ૧૭ ઓગસ્ટે હોડી દ્વારા પૂરગ્રસ્ત ભદ્રક જિલ્લાની મુલાકાત દરમિયાન માઝીએ જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં મોટી સંખ્યામાં મગરો હોવાના અહેવાલો ટાંકીને તેમની સુરક્ષા ટીમે તેમને પ્રવાસ ન કરવાની ચેતવણી આપી હતી.

### સોશિયલ મીડિયા પર નીતિન ગડકરીની મુશ્કેલીઓ



રાજકીય નેતાઓને સોશિયલ મીડિયા પર સક્રિય રહેવું, પબ્લિસિટી મેળવવી અને લાઇમલાઇટમાં રહેવું ગમે છે. પરંતુ આ અનુભવ હંમેશાં સુખદ અને શાંત હોતો નથી. જો સ્થિતિ ઊલટી થાય અને જનતા સોશિયલ મીડિયા પર અતિ-સક્રિય થઈ જાય તો પરિસ્થિતિ મુશ્કેલ બની શકે છે.
કેન્દ્ર સરકારના કેટલાક મંત્રીઓ માટે આવી જ સ્થિતિ નિર્માણ પામી છે. આનું સૌથી સ્પષ્ટ ઉદાહરણ માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીનું છે. સામાન્ય રીતે, નરેન્દ્ર મોદી સરકારમાં મંત્રીઓનું પ્રદર્શન સારું રહ્યું છે, પરંતુ બદલાતા સમયની સાથે પરિસ્થિતિ પણ બદલાઈ રહી છે.
ગડકરી નેશનલ હાઇવેના નિર્માણને કારણે પ્રશંસા મેળવતા હતા, પરંતુ તાજેતરમાં સામે આવેલા ખાડાઓના કિસ્સાઓએ તેમને અસ્વસ્થ કરી દીધા છે. આ ઉપરાંત, 'સસ્તું બળતણ અને શ્રેષ્ઠ એવરેજ' માટે તેઓ જેનું સમર્થન કરી રહ્યા હતા તે પેટ્રોલમાં ઇથેનોલ મિશ્રણનો વિવાદ પણ તેમની મુશ્કેલીઓમાં વધારો કરી રહ્યો હોય તેમ લાગે છે.

# જિનપિંગ બુધવારે અમેરિકા જશે: સ્વાગત માટે ટ્રમ્પ પોતે હાજર રહેશે

**એક** દાયકા કરતા વધુ સમય પછી કોઇ ચીની પ્રમુખની અમેરિકાની આ પ્રથમ સત્તાવાર મુલાકાત હશે

વોશિંગ્ટન, ૧૯ સપ્ટેમ્બર (AP): એક દાયકા કરતાં વધુ સમય પછી ચીનના કોઈ નેતાની પ્રથમ સત્તાવાર મુલાકાત આવતા સપ્તાહે યોજાવા જઈ રહી છે, જ્યારે પ્રમુખ શી જિનપિંગ વ્હાઈટ હાઉસ ખાતે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ઉચ્ચ-સ્તરીય વાટાઘાટો અને બેઠકો માટે વોશિંગ્ટન પહોંચશે.

જ્યારે બુધવારે વોશિંગ્ટનની બહાર આવેલા જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ ખાતે શીનું વિમાન લેન્ડ થશે, ત્યારે ટ્રમ્પ આ મુલાકાત માટે તેમનું સ્વાગત કરવા ત્યાં હાજર રહેશે, તેમ વરિષ્ઠ વહીવટી અધિકારીઓએ પત્રકારોને જણાવ્યું હતું. આ બાબત અસામાન્ય છે – કારણ કે ટ્રમ્પ સામાન્ય રીતે વિદેશી નેતાઓને વ્હાઈટ હાઉસ ખાતે જ મળે છે.

આ મુલાકાતનો મુખ્ય ભાગ ગુરુવારે આવશે જ્યારે ટ્રમ્પ અને પ્રથમ મહિલા મેલાનિયા ટ્રમ્પ વ્હાઈટ હાઉસના સ્ટેટ ફ્લોર પર એક ઈન્ડોર સ્વાગત સમારોહમાં શી અને તેમના પત્ની પેંગ લિયુઆનનું સ્વાગત કરશે. પોતાની વાતચીત માટે બંધ બારણે જતા પહેલા ટ્રમ્પ અને શી 'રોઝ ગાર્ડન' ખાતે સૈન્ય પરેડનું નિરીક્ષણ પણ કરશે. બંને દેશના નેતાઓ ચર્ચા-વિચારણામાં વ્યસ્ત હશે ત્યારે પ્રથમ મહિલા મેલાનિયા અને પેંગ લિયુઆન અલગ કાર્યક્રમમાં હાજરી આપશે. શુક્રવારે શીની મુલાકાત અંગે માહિતી આપવા પત્રકારો સાથે યોજાયેલા કોલ દરમિયાન અધિકારીઓએ આ અંગે વધુ વિગતો જાહેર કરી ન હતી. ગુરુવારે જ્યારે ટ્રમ્પ અને પ્રથમ મહિલા ઈસ્ટ રૂમમાં ચીની પ્રતિનિધિમંડળ માટે સત્તાવાર ડિનર યોજશે ત્યારે શી અને તેમના પત્ની મુખ્ય અતિથિ બનશે. ટ્રમ્પે આ ડિનરને એક એવો કાર્યક્રમ ગણાવ્યો હતો જેમાં દરેક વ્યક્તિ હાજરી આપવા માંગે છે. આ પ્રસંગે બંને નેતાઓ પોતાનું વક્તવ્ય આપશે.

### ટ્રમ્પ-શી ડિનરમાં મસ્ક, પિચાઇ અને કૂક

**સ્ટેટ** ડિનરમાં એઆઈ, સેમિકન્ડક્ટર્સ અને કન્ઝ્યુમર ટેક્નોલોજીના કેટલાક મોટા નામોને આમંત્રિત કરાયા

વોશિંગ્ટન, તા. 19 : ચાઇનીઝ રાષ્ટ્રપતિ શી જિનપિંગ માટેના વ્હાઇટ હાઉસ સ્ટેટ ડિનરમાં ઈલોન મસ્ક, સુંદર પિચાઈ, સેમ ઓલ્ટમન અને અનેક અગ્રણી ટેક્નોલોજી એક્ઝિક્યુટિવ્સને આમંત્રિત કરવામાં આવ્યા છે. શી જિનપિંગની વોશિંગ્ટનની મુલાકાત દરમિયાન એઆઈ, સેમિકન્ડક્ટર્સ અને કન્ઝ્યુમર ટેક્નોલોજીના કેટલાક મોટા નામો એક જ રૂમમાં હાજર થશે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ 24 સપ્ટેમ્બરે વ્હાઇટ હાઉસના ઈસ્ટ રૂમમાં શી અને તેમની પત્ની પેંગ લિયુઆન માટે ડિનરનું આયોજન કરશે. યુએસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, મહેમાનોની યાદીમાં એમેઝોન સ્થાપક જેફ બેઝોસ, આલ્ફાબેટ સીઈઓ સુંદર પિચાઈ, ઓપનએઆઈ સીઈઓ સેમ ઓલ્ટમન, એપલ સીઈઓ ટિમ કૂક, ટેસ્લા સીઈઓ ઈલોન મસ્ક, એનવીડિયા સીઈઓ જેન્સન હુઆંગ અને ડેલ ટેક્નોલોજીસના સ્થાપક માઇકલ ડેલ સામેલ છે.

નાણાકીય ક્ષેત્રના એક્ઝિક્યુટિવ્સ પણ ઉપસ્થિત રહે તેવી અપેક્ષા છે. ટ્રમ્પ અને શી બંને ડિનરની શરૂઆતમાં વક્તવ્ય આપશે.

યુએસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટ્રમ્પ અને શી વચ્ચેની વાતચીતમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સામેલ રહેવાની અપેક્ષા છે ત્યારે આ ટેક્નોલોજી લિડર્સની ઉપસ્થિતિ મહત્ત્વની છે. વૈશ્વિક અર્થતંત્રમાં વેપાર અને ચાઇનીઝ દુર્લભ-પૃથ્વી ખનિજોનો પ્રવાહ પણ એજન્ડા પર છે.

## પેજ3

### દીપિકા-રણવીરના ઘરે ફરી નાનકડી પરીનું આગમન



મુંબઈ, તા. 19: દીપિકા પાદુકોણ અને રણવીર સિંહના ઘરે તેના બીજા સંતાન તરીકે પુત્રીનો જન્મ થયો છે. આ યુગલે 19 સપ્ટેમ્બરના રોજ તેમની બીજી પુત્રીનું સ્વાગત કર્યું હતું અને શનિવારે આ સમાચાર પ્રશાસકો સાથે શેર કર્યા હતા. જેણે પહેલી વખતની જેમ જ જાહેરાતને ખૂબ જ સરળ અને મધુર રાખી હતી. આ સ્ટાર યુગલે આ વર્ષે એપ્રિલમાં તેમની પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી. એક સંયુક્ત ઇન્સ્ટાગ્રામ પોસ્ટમાં તેમણે લખ્યું, "વેલકમ બેબી ગર્લ." જેમાં નજર ન લાગે તે માટેનો ઈમોજી ઉમેર્યો. આટલું જ પૂરતું હતું. ટૂંક સમયમાં જ કોમેન્ટ સેક્શન વર્ચ્યુઅલ સેલિબ્રેશન બની ગયું, જેમાં બોલિવૂડના સિતારાઓ અને મિત્રોએ નવા માતા-પિતાને પ્રેમ અને અભિનંદન પાઠવ્યા. સોનમ કપૂર, સારા અર્જુન, અનિલ કપૂર અને કૃતિ સેનન એવા લોકોમાં સામેલ હતા જેમણે અભિનંદન સંદેશાઓ પાઠવ્યા હતા. દીપિકા પાદુકોણ અને રણવીર સિંહની પહેલી દીકરીનો જન્મ પણ સપ્ટેમ્બરમાં થયો હતો. દીપિકા અને રણવીરની મોટી દીકરીનું નામ દુઆ પાદુકોણ સિંહ છે. દુઆનો જન્મ ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ થયો હતો.

### આલિયા ભટ્ટ-રણબીર કપૂરે પુત્રી રાહા સાથે નવા બંગલામાં પ્રથમ વાર ગણેશ ચતુર્થી ઉજવી



મુંબઈ, તા. ૧૯: આ વર્ષનો એ સમય છે જ્યારે સેલિબ્રિટીઓ ગણેશ ચતુર્થી ઉજવવા માટે પોતાના ઘરની બહાર નીકળે છે. બોલિવૂડ સ્ટાર્સની તહેવાર ઉજવતી અનેક તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે, ત્યારે આલિયા ભટ્ટ અને રણબીર કપૂર પણ આ યાદીમાં જોડાઈ ગયા છે. આ યુગલ, તેમની પુત્રી રાહા અને રણબીરના માતા નીતુ કપૂર સાથે વિસર્જન માટે બહાર નીકળતી વખતે તેમના નવા રિનોવેટ કરાયેલા 'કૃષ્ણ રાજ' બંગલાની બહાર જોવા મળ્યા હતા. એક નોંધપાત્ર વાત એ છે કે, આ યુગલે તેમના બંગલાના દરવાજા ખોલ્યા અને પાપારાઝીને તેમની ઉજવણી કેદ કરવાની મંજૂરી આપી. રાહા સહિતનો આ પરિવાર પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ હતો.

### પાકિસ્તાનમાં પેટ્રોલના ભાવ રૂ. 400ની નજીક

ઈસ્લામાબાદ\R, તા. \R19: પાકિસ્તાનમાં ઈંધણના ભાવ આસમાને પહોંચી રહ્યા છે\R ત્યારે પેટ્રોલના ભાવમાં થયેલા તીવ્ર વધારા સામે વિરોધ પ્રદર્શિત કરવા માટે પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ\R)ના ધારાસભ્યો શુક્રવારે ગધેડા ગાડીઓ પર બેસીને સિંધ એસેમ્બલી પહોંચ્યા હતા.\R 'ડોન\R'ના અહેવાલ મુજબ\R, પીટીઆઈના સજ્જાદ અલી સૂમરોના નેતૃત્વમાં આ ધારાસભ્યો પ્રાંતીય એસેમ્બલીની આસપાસના વિસ્તારોમાંથી તેના મુખ્ય પ્રવેશદ્વાર સુધી ગધેડા ગાડીઓમાં સવાર થઈને આવ્યા હતા\R અને તેઓએ પ્લેકાર્ડ્સ પકડીને કેન્દ્ર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.\R સજ્જાદ અલીએ ઈંધણના ભાવમાં થયેલા વધારાને લોકો પર \R'પેટ્રોલ બોમ્બ\R' ઝીંકવા સમાન ગણાવ્યો હતો. આ વિરોધ પ્રદર્શન દ્વારા નેતાઓએ સરકાર પાસે પેટ્રોલના ભાવોમાં કરવામાં આવેલો વધારો તાત્કાલિક પાછો ખેંચવાની માંગ કરી હતી.\R 'ડોન\R'ના જણાવ્યા અનુસાર\R, સજ્જાદ અલીએ દલીલ કરી હતી કે લોકો સરકારી નીતિઓનું પરિણામ ભોગવી રહ્યા છે\R અને કહ્યું કે\R, "પેટ્રોલ એટલું મોંઘું થઈ ગયું છે કે હવે અમે અમારા વાહનોમાં બેસીને એસેમ્બલીમાં પણ આવી શકતા નથી."\R આ વિરોધ પ્રદર્શન પાકિસ્તાનમાં ઈંધણના ભાવોમાં થયેલા તીવ્ર વધારાની વચ્ચે સામે આવ્યું છે.\R ગુરુવારે કરવામાં આવેલા તાજેતરના સુધારા બાદ\R પેટ્રોલની કિંમત પ્રતિ લિટર રૂ. \R390.79 થઈ ગઈ છે\R, જ્યારે હાઈ-સ્પીડ ડીઝલ (એચએસડી\R)ની કિંમત પ્રતિ લિટર રૂ. \R424.92 છે.\R

# 'વાઈબ' કુણાલ-સ્પર્શની કોમેડી અને પ્રીતિ ઝિન્ટાનો શાનદાર કમબેક




'વાઈબ' બે ગાઢ મિત્રો હાર્દિક (કુણાલ ખેમૂ) અને ભગીરથ (સ્પર્શ શ્રીવાસ્તવ)ની વાર્તા છે, જેઓ એક ગુપ્તચર એજન્સીમાં જોડાય છે અને ત્રાસવાદી અબુ અલ સઈદ (હિતેન પૈંતલ)ના ભારત વિરોધી ષડયંત્રને નિષ્ફળ બનાવવાના મિશન પર નીકળે છે. કુણાલ ખેમૂ દ્વારા લખાયેલી વાર્તા પ્રથમ ભાગમાં હાસ્ય અને કોમેડીથી ભરપૂર છે, પરંતુ મધ્યાંતર પછી તે ટેકનોલોજી અને ત્રાસવાદ તરફ વળે છે. પૂર્વાર્ધમાં વીજળીના આંચકા (ઈલેક્ટ્રિક શોક્સ) વાળો સીન અને અન્ય દ્રશ્યો અત્યંત રમુજી છે. જોકે, ઉત્તરાર્ધમાં વાર્તા વધુ ગંભીર બની જતાં હાસ્યનો પ્રભાવ ઓછો થાય છે. ક્લાઈમેક્સ થોડો વધુ પડતો સરળ લાગે છે, પરંતુ કુણાલના સંવાદો ખૂબ જ ઉત્કૃષ્ટ છે. અભિનયની વાત કરીએ તો, કમબેક કરી રહેલી પ્રીતિ ઝિન્ટાએ 'મેડમ H'ના રોલમાં શાનદાર અને પ્રભાવશાળી કામ કર્યું છે. હાર્દિકના રોલમાં કુણાલ ખેમૂની કોમિક ટાઈમિંગ અદ્ભુત છે. સ્પર્શ શ્રીવાસ્તવે ભગીરથ તરીકે સહજ અને કુદરતી અભિનય કર્યો છે. વંશિકા ધીર કૌશિકાના રોલમાં સુંદર લાગે છે. સહાયક કલાકારોમાં શર્મિલા ટાગોર (ગૃહમંત્રી), યશપાલ શર્મા, દિનેશ લાલ યાદવ 'નિરહુઆ', અને ઉર્ફી જાવેદે પણ પોતપોતાની ભૂમિકા યોગ્ય રીતે ભજવી છે.

કુણાલ ખેમૂનું નિર્દેશન ખૂબ સરસ છે. અમિત ત્રિવેદીનું સંગીત મધુર છે, જેમાં 'રાતોં મેં આના' અને 'એસી મેરી વાઈબ' ગીતો શ્રેષ્ઠ છે. જોન સ્ટેવર્ટ એડુરીનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક અને કૌશલ શાહની સિનેમેટોગ્રાફી સારી છે. ટૂંકમાં, મનોરંજક સંવાદો અને દમદાર એક્ટિંગ ધરાવતી આ ફિલ્મ એકવાર જોવા જેવી છે.

**મૂવી રિવ્યુ**
અમર સોલંકી દ્વારા

| ફિલ્મ |
|---|
| વાઈબ |
| રેટીંગ |
| ★☆☆☆☆ |
| એક લાઈનનો પ્રતિભાવ |
| હળવી મનોરંજનની અને હસી-મજાકથી ભરપૂર ફિલ્મ જોવી ગમતી હોય તો એકવાર જોવા જેવી છે. |

**અભિનેતાઃ** કુણાલ ખેમુ, પ્રીટી ઝિન્ટા, સ્પર્શ શ્રીવાસ્તવ, વંશિકા ધીર, યશપાલ શર્મા, દિનેશ લાલ યાદવ નિરહુઆ
**નિર્માતાઃ** અમેઝોન એમજીએમ સ્ટુડિયો, ડ્રોંગો ફિલ્મ્સ
નિર્દેશકઃ કુણાલ ખેમુ